# ડૉ. બાબાસાહેબ આંબેડકરનું જીવન દર્શન

રેણુકાબેન આર. ચૌધરી
પીએચ.ડી. સ્કોલર,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી, પાટણ

## ૧. પ્રારંભિક જીવન

ડૉ.ભીમરાવ રામજી આંબેડકરનો જન્મ ૧૪મી એપ્રિલ ૧૮૯૧માં મહુ મધ્યપ્રદેશમાં એક સામાન્ય ગણાતા મહાર કુટુંબમાં થયો હતો.તેમના પિતાનું નામ રામજી માલોજી સકપાલ અને માતાનું નામ ભીમાબાઈ હતું. ભીમરાવ આંબેડકર એ રામજી સકપાલના ચૌદ સંતાનોમાં છેલ્લુ સંતાન હતા.ભીમરાવના પિતા મીલીટરીમાં સુબેદારના હોદ્દા પર હતા. લશ્કરી શાળામાં તેઓ હેડમાસ્તર હતા. નાનપણથી જ બાળક ભીમરાવમાં માતા-પિતાના સંસ્કારો ઉતર્યા. જયારે ભીમરાવ ૬ વર્ષની ઉંમરના થયા ત્યારે માતા ભીમાબાઈનું અવસાન થયું.

## ૨. શિક્ષણ

ડૉ. ભીમરાવની પ્રાથમિક કેળવણીની શરૂઆત થઇ. ડૉ. ભીમરાવના પિતાની અટક સકપાલ હતી.તેઓ મૂળ મહારાષ્ટ્રના રાત્નાગીર જીલ્લાના અંબાવાડે ગામના વતની હતા. તેથી નિશાળમાં ડૉ. ભીમરાવની અટક અંબાવડેકર રાખેલી. પરંતુ નિશાળના એક શિક્ષક જે ડૉ. ભીમરાવને ખૂબ ચાહતા હતા. તેમની અટક આંબેડકર હતી તેથી તેમને ભીમરાવની અટક નિશાળના રજીસ્ટરમાં સુધારીને આંબાવડેકરની બદલે આંબેડકર રાખી. શરૂઆતની પ્રાથમિક કેળવણીમાં ભીમરાવને અસપૃશ્યતાને લીધે ઘણી મુશ્કેલી સાથે પૂરી કરી. ભીમરાવના પિતાને મુંબઈમાં રહેવાનું  થયુ એટલે ભીમરાવે હાઈસ્કૂલનું શિક્ષણ મુંબઈની એલ્ફીન્સ્ટન હાઈસ્કૂલમાં લીધું અને સને ૧૯૦૭માં મેટ્રિકની પરીક્ષા પસાર કરી. મેટ્રિક પાસ થયા પછી ભીમરાવના લગ્ન "રામી" નામની બાળા સાથે થયા. જેનું નામ ભીમરાવે પાછળથી રમાબાઈ રાખ્યું. ભીમરાવના કોલેજ શિક્ષણ માટે વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે સ્કોલરશીપની વ્યવસ્થા કરી અને ભીમરાવ મુંબઈની પ્રખ્યાત એલ્ફિસ્ટન કોલેજમાં દાખલ થયા. ભીમરાવે ઈ.સ ૧૯૧૨માં અંગ્રેજી મુખ્ય વિષય સાથે મુંબઈ યુનિવર્સીટીની બી.એ.ની પરીક્ષા પસાર કરી.સ્નાતક થયા પછી સંજોગોવસાત ભીમરાવ વધુ અભ્યાસ કરી શકે તેમ ન હતા. તેથી વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે ભીમરાવની નિમણૂંક રાજ્યના લશ્કરમાં એક લશ્કરી અધિકારી તરીકે કરી. વડોદરામાં ભીમરાવે આભડછેટના લીધે ખૂબ હેરાન થયા. આ સમયે તા.૨ ફેબ્રુઆરી ૧૯૧૩ના રોજ ભીમરાવના પિતા રામજી સકપાલનું અવસાન થયું. તેમને નોકરીને તિલાંજલિ આપવી પડી. વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ પોતાના ખર્ચે તેજસ્વી વિધાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે અમેરીકા મોકલવા માંગતા હતા. જેમાં ભીમરાવની પસંદગી થઇ. સન ૧૯૧૩ના જુલાઈના ત્રીજા અઠવાડિયામાં ન્યુયોર્ક ગયા.૧૯૧૫માં અમેરિકાની પ્રખ્યાત કોલમ્બિયા યુનિવર્સીટીમાં એમ.એ.ની ઉચ્ચ પદવી મેળવી. ૧૯૧૬માં પીએચ.ડી. માટે "બ્રિટિશ ભારતની મુલ્કી અર્થવ્યવસ્થાનો વિકાસ" ઉપર મહાનિબંધ કોલંબીયા યુનિવર્સીટીને રજૂ કર્યો. અને સર્વોચ્ચ એવી પીએચ.ડી.ની ડીગ્રી મેળવવા ભાગ્યશાળી બન્યા. આમ, આંબેડકર હવે ડૉ. આંબેડકર બન્યા.૧૯૧૬માં અમેરિકાથી ઈંગ્લેન્ડ ગયા અને લંડનમાં કાયદાનો અભ્યાસ શરુ કર્યો.૧૯૧૮માં મુંબઈની સિડનહામ કોલેજમાં પ્રોફેસર તરીકે જોડાયા. ડૉ. આંબેડકર ફરી ઈંગ્લેન્ડ ગયા.અને કાયદાનો તથા

અર્થશાસ્ત્રનો અભ્યાસ ચાલુ રાખ્યો અને ૧૯૨૩માં ડૉ.આંબેડકર બેરિસ્ટર થયા. આજ વખતે ડૉ.આંબેડકરને તેમના મહાનિબંધ "રૂપિયાનો પ્રશ્ન" વિષય ઉપર લંડન યુનિવર્સીટી "ડૉક્ટર ઓફ સાયન્સ"ની ડીગ્રી એનાયત કરી. જૂન ૧૯૨૮માં મુંબઈ ગવર્મેન્ટ કોલેજમાં પ્રોફેસર બન્યા.

### ૩. બંધારણના ઘડવૈયા

ડૉ. બાબાસાહેબ આંબેડકર એક કાયદાશાસ્ત્રી, રાજનેતા, તત્વચિંતક, નૃવંસશાસ્ત્રી, ઈતિહાસકાર અને અર્થશાસ્ત્રી તેમજ અનેક વિષયના જ્ઞાતા હતા. તેમને ભારતમાં બૌદ્ધ પુન: જાગરણ આંદોલન શરૂઆત કરી. તેમને બંધારણ સભામાં નિભાવેલ જવાબદારીને કારણે "બંધારણના ઘડવૈયા" તરીકે ઓળખવામાં આવે છે.તેઓ ભારતના પ્રથમ કાયદામંત્રી હતા.

૧૯૪૬માં વચગાળાની સરકાર રચી. બંધારસભા બોલાવી બંધારણ ઘડવાનો નિર્યણ લેવાયો. ડૉ.આંબેડકર ભારતની બંધારણસભામાં ચૂંટાયા. જેની પ્રથમ બેઠક ૯ ડીસેમ્બર ૧૯૪૬ દિલ્હીમાં મળી.જેમાં તેમને લઘુમતી હકો વિશે સચોટ વિચારો વ્યક્ત કર્યા. ૨૯ એપ્રિલ ૧૯૪૭માં બંધારણ સભાએ અસ્પૃશ્યતાને કાયદાથી નાબુદ કરી. ૩ ઓગસ્ટ ૧૯૪૭ વચગાળાની સરકારમાં ડૉ.આંબેડકર ભારતના પ્રથમ કાયદાપ્રધાન બન્યા.૨૯ ઓગસ્ટે ડૉ. આંબેડકરની ડ્રાફ્ટીગ કમિટીના પ્રમુખ તરીકે વરણી થઇ. એક અછૂત વ્યક્તિની દેશનું બંધારણ ઘડવા માટે પસંદગી થાય એ સમયે અગત્યની વાત હતી. ડૉ.આંબેડકર અને બંધારણ સમિતિએ ફેબ્રુઆરી ૧૯૪૮ છેલ્લા અઠવાડિયામાં કાચી નકલ તૈયાર કરી બંધારણ સભાના પ્રમુખ રાજેન્દ્ર પ્રસાદને સુપ્રત કરી. ડૉ. આંબેડકરે ૧૫ એપ્રિલ ૧૯૪૮માં ડૉ. શારદા કબીર સાથે લગ્ન કર્યા. જેથી પત્ની ડૉક્ટર હોવાથી તબિયત સુધરતા ફરી બંધારણનું કાર્ય શરુ કર્યું. ૪ નવેમ્બર ૧૯૪૮ના રોજ ડૉ.આંબેડકરે બંધારણ સભાની બહાલી માટે બંધારણ રજૂ કર્યું. જેમાં ૩૧૫ કલમો, ૮ પરિશિષ્ટ હતા. ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ ભારતની બંધારણ સભાએ દેશનું બંધારણ પસાર કર્યું. ૨૬ જાન્યુઆરી ૧૯૫૦થી ભારતનું બંધારણ અમલમાં આવ્યું.અને દેશ પ્રજાસતાક બન્યો.

૧૯૫૨માં સ્વતંત્ર ભારતની પ્રથમ સામાન્ય ચૂંટણીમાં ડૉ.આંબેડકર મુંબઈમાંથી સંસદ માટે ઊભા રહ્યા. પરંતુ શ્રી કાજરોભકર સામે તેમની હાર થઈ. માર્ચ ૧૯૫૨માં ડૉ.આંબેડકર મુંબઈની ધારાસભાની બેઠક ઉપર રાજ્ય સભાના સભ્ય બન્યા.૧ જૂન ૧૯૫૨ એ ન્યૂયોર્ક ગયા અને ૫ જૂન ૧૯૫૨ના દિવસે કોલમ્બિયા યુનિવર્સીટીએ એમને સર્વોચ્ચ એવી "ડૉક્ટર એટ લો"ની પદવી આપી.૧૨ જાન્યુઆરી ૧૯૫૩ને દિવસે ભારતની ઓસ્માનિયા યુનિવર્સીટીએ તેમને "ડૉક્ટર ઓફ લિટરેચર"ની ઉચ્ચ પદવી આપી. તેમની ખરાબ તબિયતના કારણે તેઓ લાંબુ જીવી શક્યા નહિ. ૬ ડીસેમ્બર ૧૯૫૬ની વહેલી સવારે તેઓનું દિલ્લીમાં અવસાન થયું.

### સંદર્ભ સૂચી

1. http://www. ambedkar.org/Babasaheb/Babasaheb.htm
2. http://iskkim.com/120-dr-b-r-ambedkar-and-buddhism-14